ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૭.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૨ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં ફરી લૉકડાઉન જેવા નિયંત્રણોની અફવા

વધી રહેલા કોરોના પોઝિટીવ કેસોની સંખ્યાને પગલે શહેરના નાગરિકોમાં ચર્ચાતો પ્રશ્ન 'શું ફરી લોકડાઉન આવશે?' જોકે ફરી લોકડાઉન લાદવા અંગે કોઈ સત્તાવાર પુષ્ટિ પ્રાપ્ત થઈ નથી

ગાંધીનગર, તા.૧૫

એક તરફ કોરોના મહામારીમાંથી જનજીવન ધીરે ધીરે થાળે પડી રહ્યું હતું અને કેસોની સંખ્યા ઘટવા લાગતા નાગરિકોમાં રાહત અનુભવાઈ રહી હતી તેવા સમયે એકાએક ફરીથી કોરોના કેસોની સંખ્યામાં વધારો થતાં શહેરમાં ફરી એકવાર લૉકડાઉન જેવા નિયંત્રણો લદાઈ શકે છે તેવી ભીતિ નાગરિકોને સતાવવા લાગી છે. શહેરમાં ફરી લૉકડાઉન કે આંશિક લૉકડાઉન ફરી એકવાર લાગુ પડવાનું છે તેવી ચર્ચાઓએ જોર પકડયું છે જેના કારણે માંડ માંડ જેમના ધંધા રોજગાર ઠરી ઠામ થયા છે તેવા રોજીંદી કમાણી કરીને ખાતા શ્રમજીવીઓ અને વેપારીઓમાં ફડક પેસી જવા પામી રહી છે.

'શું ફરી લૉકડાઉન લદાશે? તમને શું લાગે છે?' આ પ્રશ્ન આજકાલ ચૌરે અને ચૌટે પુછાઈ રહ્યો છે. શહેરમાં દિવસ દરમિયાન ચાની કિટલીઓ, પાનના ગલ્લે કે સોસાયટીના ઝાંપે ચાલતા મિત્રોના ટોળટપ્પામાં કુતુહલતાવશ નાગરિકો આ પ્રશ્ન એકબીજાને પુછી રહ્યા છે. તો ઘણા આ બાબતે કોરોના પોઝિટીવ કેસોના આંકડામાં આવેલો ઉછાળો તથા અમુક ઠેકાણે લાદવામાં આવેલા નિયંત્રણો અથવા આણંદમાં સારસા ખાતે લાગુ પડેલા સ્વૈચ્છિક લૉકડાઉનના ઉદાહરણ આપીને ફરીથી પાટનગરમાં પણ લૉકડાઉન આવી રહ્યું હોવાની શકયતા વ્યકત કરી રહ્યા છે જેને કારણે ધંધા રોજગાર થાળે પડતા માંડ હરખાયેલા નાગરિકો ફરીથી ચિંતાતુર બની રહ્યાં છે. બીજી તરફ ચુંટણીઓની સભાઓ-રેલીઓ બાદ હવે ક્રિકેટ મેચની ભીડના કારણે કોરોના વકરવાની શકયતાને કારણે પણ આ પ્રકારની સ્થિતિ સર્જાઈ રહી હોવાનું જણાય છે. ગત સપ્તાહથી રાજયમાં ફરી એકવાર કોરોના પોઝિટીવ કેસોમાં વધારો થયો છે અને જયાં દિવસના કેસોની સંખ્યા માંડ ૩૦૦-૪૦૦ થઈ ગઈ હતી તે ફરી વધીને ૭૦૦-૮૦૦ની ઉપર દેખાવા લાગી છે જયારે ગાંધીનગર જિલ્લા તથા શહેરમાં પણ કેસો વધી રહ્યા છે અને ફરી આંકડો ડબલ ડિજીટમાં જોવા મળી રહ્યો છે ત્યારે નાગરિકોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

ફરી લૉકડાઉન કરવાની ભૂલ સરકાર નહીં કરે

અગાઉ સરકાર દ્વારા લાદવામાં આવેલા લાંબા લૉકડાઉન દરમિયાન દેશના અર્થતંત્રને ખૂબ માઠી અસર પડી છે અનેક વેપાર-ઉદ્યોગો મૃત્યુ શૈયાએ પહોંચી ગયા છે. તેજ રીતે નાના વેપાર-ધંધા કરતા છુટક વેપારીઓથી માંડીને રોજબરોજની મજૂરી કરીને ખાતા શ્રમજીવી પરિવારોની હાલત પણ ખૂબ કફોડી થવા પામી હતી જેમને સંભાળવામાં સરકાર પર મોટો આર્થિક બોજ પડવા પામ્યો છે તે જોતા સરકાર ફરી લૉકડાઉન જેવા આકરા નિયંત્રણો લાદે તેવી શકયતા જણાતી નથી પરંતુ જો કોરોના કેસોની સંખ્યા પર નિયંત્રણ નહીં આવે તો થોડા ઘણાં નિયંત્રણો વધારી જરૂર શકે છે.

નાના-મોટા આયોજનો ખોરંભે ચઢવાની ભીતિ

માંડ થાળે પડેલા જનજીવનને પગલે શહેરમાં નાગરિકોએ ઘર પરિવારમાં નાના-મોટા શુભ પ્રસંગોના આયોજનો શરૂ થયા હતા તેજ રીતે અનેક વ્યવસાયિકોએ ધંધા રોજગારને ઉત્તેજન મળે તે માટે તેમજ સંસ્થાઓ દ્વારા સ્નેહમિલન કે અન્ય કાર્યક્રમોના આયોજનો પણ શરૂ કરી દેવાયા છે જેથી ફરી લૉકડાઉન આવશે તો આ આયોજનો ખોરંભે ચઢી જશે તેવી ભીતિ નાગરિકોને સતાવી રહી છે.

અનેક રજૂઆતો બાદ પણ સફાઈકર્મીઓના પ્રશ્નોનો ઉકેલ આવ્યો નથી. પડતર માંગણીઓના પગલે સફાઈ કર્મચારીઓ વોર્ડ વાઈઝ પોતાની માંગણી સાથે લડત લડી રહ્યા છે.

શહેરના સર્જક નટવર હેડાઉને સરસ્વતી સન્માનથી નવાજવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૫

અભ્યુદય બહુઉદ્દેશ્ય સંસ્થા અને રાષ્ટ્રભાષા પ્રચારક મંડળના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગરના સહયોગથી નિસર્ગ સાયન્સ સેન્ટર સેક્ટર-૨૩ ગાંધીનગરમાં યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર સમાચારના કોલમ લેખક સાહિત્યકાર નટવર હેડાઉને હિન્દી સેવા સરસ્વતી સન્માન તેમજ શ્રી શરદ જોષી (અમદાવાદ) અને હર્ષદ ગલિયારા (સુરત)ને હિન્દી પ્રચારક સન્માનથી નવાજવામાં આવ્યા છે. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને જાણીતા વરિષ્ઠ સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ તેમજ હિન્દીના વરિષ્ઠ કવિ કિશોર કાબરાજીએ પ્રસંગને શોભાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાત સાહિત્ય સંગમના મહાસચિવ લલિત કિશોર અગ્રવાલે કર્યુ હતુ.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા સાહિત્યકારો તેમજ કવિઓ કિશોર જીકાદરા, અનંત પટેલ, અનિલ પટેલ, ગુલાબચંદ પટેલ, રમણ શ્રીમાળી, મહેન્દ્ર રાઠોડ, મહેન્દ્રભાઈ ચૌહાણ, રઘુભાઈ રબારી, સુમંતભાઈ શાહ, કલ્પેશ પટેલ અને સાહિત્ય રસીક ભાવકો બહોળા પ્રમાણમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં રાષ્ટ્રભાષા પ્રચારક મંડળના અધ્યક્ષ અતુલ પાઠકજી અને અભ્યુદય બહુ ઉદ્દેશીય સંસ્થા વર્ધાના મહાસચિવ નરેન્દ્રભાઈએ જહેમત ઉઠાવી હતી.

હરીકૃષ્ણ રેસીડેન્સીમાં રૂ. ૪૭ હજાર ચાંદલાની રકમ લઈ ચોર શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામની સીમમાં સ્થિત હરીકૃષ્ણ રેસીડેન્સી ખાતે ફલેટ નં. ૧૦૨ ખાતે રહેતા ધર્મેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા (ઉં.૩૪) બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા છે. તે પોતાના પત્ની, દિકરી અને બહેન સાથે તા.૧૨ મી ના રોજ સવારે ૪ વાગે દ્વારકા જવા માટે રવાના થયા હતા. ત્યારબાદ તા.૧૩ ના રોજ સવારે ૮ વાગે તેમના પિતા મહેન્દ્રસિંહે ફોન કર્યો હતો. જેમાં તેઓએ જણાવ્યું હતું કે ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તુટેલી હાલતમાં હોવાનું કહ્યું હતું. જેથી ધમેન્દ્રસિંહ તા.૧૪ ના રોજ ગાંધીનગર પરત ફર્યા હતા. તેઓએ ઘરમાં તપાસ કરતા બેડરૂમમાં લાકડાનું કબાટ ખુલ્લુ હતું. જયારે કબાટમાં રહેલી વસ્તુઓ અને કાગળો સહિતની વસ્તુઓ વેર-વિખેર હાલતમાં પડી હતી. લેધરના પોકેટમાં મુકેલા રૂ.૪૭ હજાર રોકડા ચોર ઈસમ લઈ ગયા હતા. આ રકમ ફરીયાદીના બહેનના લગ્નમા ચાંદલા તરીકે આવી હતી. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ધર્મેન્દ્રસિંહ વાઘેલાની ફરીયાદ નોંધી ફીંગર પ્રિન્ટ એકસપર્ટની મદદ લઈ તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલમાં વિવિધ શાકભાજીની ઉપયોગિતાનો વિડિયો બનાવ્યો

ગાંધીનગર, તા.૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલ, સેકટર-૨૩ ખાતે વિવિધ શાકભાજી અને તેમની ઉપયોગિતાનો વિડિયો દક્ષાબેન પટેલે બનાવી વિદ્યાર્થીની બહેનોને પ્રોત્સાહિત કરી હતી. ભણતરની સાથે સાથે ખોરાકમાં શાકભાજીનો વધારે ઉપયોગ વિદ્યાર્થીઓ કરે તે પ્રત્યે વિશેષ જાગૃતિ આવે એ હેતુથી વિદ્યાર્થીની બહેનોને પણ બતાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીની બહેનોએ વિવિધ શાકભાજીના ફોટા મોકલાવી ખુબ જ ઉત્સાહ બતાવ્યો હતો. આ પ્રવૃત્તિનું માર્ગદર્શન શાળાના સુપરવાઈઝર શ્રી ભગવતીબેન પટેલે આપ્યું હતું તેમજ આચાર્યા શ્રી નિરુબેને અભિનંદન પાઠવ્યા હતા.

લાયન્સ ક્લબ ગાંધીનગર દ્વારા નેત્ર નિદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

લાયન્સ ક્લબ, ગાંધીનગર દ્વારા નેત્ર નિદાન, ડાયાબિટીસ તપાસ તેમજ હેલ્થ અવેરનેસ કેમ્પનુ આયોજન ડભોડા ખાતે કરવામાં આવ્યુ હતુ.

લાયન હિતેષભાઈ પ્રજાપતિના સૌજન્યથી યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૭૭ લાભાર્થીઓની તપાસ કરવામાં આવી હતી અને ૧૨૫ લાભાર્થીઓને રાહતદરે ચશ્માનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૧૦ દર્દીઓ મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા જણાયા હતા. સિવિલ હોસ્પિટલના સહયોગથી બ્લડપ્રેશર અને ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી. લાયન વૈદેહિબેન તટુ તરફથી માસ્ક અને સેનીટાઈઝર પુરૂ પાડવામાં આવ્યા હતા. આ સેવાકાર્યમાં લાયન નયન મધુરક, લાયન શૈલેષ પટેલ, લાયન સંજય પટેલ, લાયન અજય પટેલ, લાયન નટુભાઈ સોલંકી, લાયન ઉપેન્દ્ર સોલંકી, લાયન મોહનભાઈ પરમાર, લાયન ધવલ દવે, લાયન હાર્દિક કંસારા, લાયન વૈદેહિબેન તટુ, લાયન જય સુથાર, લાયન હિતેશ પ્રજાપતિ, લાયન રાકેશ પટેલ, લાયન મૌલિક ચૌધરી, લાયન મીતાબેન સોલંકી, લાયન બીપીન પટેલ, લાયન નલીન નિસરતા અને લાયન પ્રિતિબેન શર્માએ સહયોગ આપ્યો હતો.

શેરથાપરા જોગણી માતાના મંદિર પાસે બાજી માંડીને બેઠેલા ત્રણ ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા શેરથાપરા જોગણી માતાના મંદિર પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ જુગારીઓને પોલીસે પકડી પાડ્યા હતા. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો ઓ.પી. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન સાથે રહેલા કોન્સ્ટેબલ વનરાજસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે શેરથા પરા જોગણી માતાના મંદિર સામે ખુલ્લી જગ્યામાં કેટલાક વ્યકિત જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડીને જુગાર રમી રહેલા શૈલેશભાઈ ભાઈલાલભાઈ ઠાકોર, અમરતજી બાબુજી ઠાકોર, અને દિપકજી અમરતજી ઠાકોરને પકડી પાડ્યા હતા.જયારે પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. જેમાં ચાર જુગારી પોલીસને થાપ આપી ભાગી ગયા હતા. તેમાં ગોવિંદજી બચુજી ઠાકોર, સુનિલજી બળદેવજી ઠાકોર, રમતુજી ચંદુજી ઠાકોર અને શંકરજી દશરજી ઠાકોર (તમામ રહે. શેરથા પરા)નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૧૩,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં આવેલી I.C.T.A. લોન ટેનીસ એકેડમીની વિદ્યાર્થિની દિવ્યા ભારદ્વાજ દ્વારા અલ્ટિવોલ ટેનીસ એકેડમી અમદાવાદ ખાતે ૧૮ વર્ષથી ઓછી વય ગ્રુપની અખિલ ભારતીય ચેમ્પિયનશિપ સિરીઝ -૭ ની કુલ ત્રણ ટુર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

જેમાં દિવ્ય ભારદ્વાજ ત્રણે ટુર્નામેન્ટમાં અનુક્રમે પ્રથમ ટુર્નામેન્ટમાં સિંગલ્સમાં ચેમ્પિયન, દ્વિતીય ટુર્નામેન્ટમાં ડબલ્સમાં ચેમ્પિયન અને તૃતીય ટુર્નામેન્ટમાં સિંગલ્સ અને ડબ્લસમાં ઉપવિજેતા રહ્યા હતા.

I.C.T.A. લોન ટેનીસ એકેડમી (ગાંધીનગર)ના હેડ કોચ પ્રકાશ ધોબી અને સીનીયર કોચ સંદીપ સિંહ ઝાલા દ્વારા દિવ્યા ભારદ્વાજને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

શ્રી જે.બી. પ્રાથમિક શાળા દ્વારા પૂંઠામાંથી ચકલીઘર બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ



ગાંધીનગર, તા.૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીઓ માટે પૂંઠામાંથી વિવિધ આકારના ચકલીઘર બનાવવાની ઓનલાઈન પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિવિધ આકારના સુંદર ચકલીઘર બનાવ્યા હતા. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ખાતે જળ બચાવો-પૃથ્વી બચાવો વિષયે પોસ્ટર પ્રેઝન્ટેશન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ભાટ ખાતેની શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજી અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ એંજિનિયર્સ, ઈન્ડિયા, વોટર મેનેજમેંટ ફોરમ દ્વારા સેવ વોટર-સેવ અર્થ વિષય પર પોસ્ટર પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થી મિત્રો અને ૨૧ થી વધુ કમ્યૂનિટીના વિવિધ ક્ષેત્રના મહાનુભાવો એ ભાગ લીધો હતો.

સેવ વોટર વિષય પર આવેલા દરેક મહાનુભાવો અને સંસ્થાના ડાયરેક્ટર, પ્રિન્સિપાલ, અધ્યાપક મિત્રો એ સેવ વોટર વિષય પર વિશેષ માર્ગદર્શન આપ્યું હતું અને જણાવ્યુ હતું કે પૃથ્વી પર માત્ર ૩%જ મીઠું પાણી છે જેનું જતન કરવું એ આપણી જવાબદારી છે. વિશેષમાં વોટર મેનેજમેંટ ફોરમના ડેપ્યુટી ડાઈરેક્ટર શ્રી વિજય સોલંકી એ જણાવ્યુ હતું કે મીઠા પાણીના પૃથ્વી પર ખૂબ જ ઓછા સ્રોત શેષ રહ્યા છે એવામાં ખેતી, સિંચાઈ અને દેશના વિવિધ ક્ષેત્રે વિકાસ કરવા માટે એક માત્ર સ્રોત મીઠું પાણી છે જે કેવી રીતે બચાવવું તે સમજાવ્યું હતું.

ગાંધીનગરના છોંતેર ગોળ દરજી જ્ઞાતિ સમાજના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના શ્રી છોતેર ગોળ દરજી જ્ઞાતિ સમાજનું જનરલ અધિવેશન તા. ૭મી માર્ચ રવિવારે વાસણીયા મહાદેવ ખાતે યોજાયું હતું. આ અધિવેશનમાં સમારંભના પ્રમુખપદે પલિયડના ગોવિંદભાઈ તથા અતિથિવિશેષ પદે સોજાના મુકેશભાઈ તથા સ્વાગત પ્રમુખ તરીકે વાસણના મહેન્દ્રભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સભામાં ગત વર્ષના વાર્ષિક હિસાબો રજૂ કરાયા હતા તથા બંધારણની ચર્ચા કરવામાં આવી હતી તેમજ સદગતોને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. આ સાથે સમાજની નવી કારોબારીની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખપદે અશોકભાઈ વસંતલાલ પરમાર, ઉપપ્રમુખપદે કનુભાઈ જોઈતારામ દરજી, મંત્રી પદે ધીરુભાઈ કચરાલાલ દરજી, સહમંત્રી પદે સોમાભાઈ બબલદાસ, ખજાનચી પદે સંદીપભાઈ હસમુખલાલ, સંહમંત્રી પદે મુકેશભાઈ મંગળદાસ તથા અન્ય કારોબારી હોદ્દેદારો તથા સભ્યોની વરણી કરાઈ હતી તેવું નટુભાઈ કે. દરજીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

જન્મદિને વધામણી

ભાવનાબેન કીર્તિભાઈ સુખડીયા
મો. ૯૪૨૮૭ ૩૪૨૨૦

સંદીપકુમાર પંઢરીનાથ જગતાપ
મો. ૯૮૨૪૦ ૦૩૦૧૨

ઈશા મનસુરી

દક્ષાબેન વાઘેલા
પૂર્વ પ્રમુખ
લાયોનેસ ક્લબ

કૌશિક જગદીશ રાચ્ચુરા
મો. ૯૨૭૪૦ ૯૦૯૩૦

પુનમ લુલા

હસમુખલાલ નાયક
(જન્મ તારીખ : ૧૫-૩-૧૯૫૪)

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. વાળંદ કાન્તાબેન શકરાભાઈ**
  ઉ.વ. ૮૨, પ્રાંતિયા
- **સ્વ. પટેલ વિષ્ણુભાઈ મંગળદાસ**
  ઉ.વ. ૫૭, દેલવાડ, માણસા
- **સ્વ. ઠાકોર બેચરજી રામસંગજી**
  ઉ.વ. ૬૯, શિહોલી મોટી
- **સ્વ. લોધા કિશોરભાઈ માનસિંગભાઈ**
  ઉ.વ. ૬૨, ભાટ
- **સ્વ. પંડયા વિદ્યાબેન જગદીશચંદ્ર**
  ઉ.વ. ૭૫, સેકટર-૩, એ.ન્યુ
- **સ્વ. મહેતા અશોકભાઈ લાલુભાઈ**
  ઉ.વ. ૫૭, સેકટર-૨૨
- **સ્વ. પટેલ ગોવિંદભાઈ ધુળાભાઈ**
  ઉ.વ. ૭૩, રાંધેજા